# પ્રેસનોટ

તા. ૧૦/૦૩/૨૦૨૬

* **સુરત મહાનગરપાલિકા ઈકોસિસ્ટમ દ્વારા સ્ટાર્ટ પ્રોત્સાહન અને વેગ વધુ ઇકોસિસ્ટમને અપ-ઉદ્દેશથી આપવાનાં લોન્ચ કરવામાં આવી“Surat Municipal Corporation Startup Procurement & Promotion Policy”.**
* **સુરતને અર્બન ઇનોવેશન તરીકે વિકસાવવા તથા સુરતને સ્ટાર્ટઅપ અને ઇનોવેશન હબ બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું.**

વિકસિત ભારત @2047 ના વિઝનને સાકાર કરવા માટે સુરતને ગ્રોથ હબ બનાવી સુરત ઇકોનોમિક રીજીયનનું આઉટપુટ 72 Million USD થી વધારીને 1.3-1.5 Trillion USD સુધી લઇ જવાનું આયોજન છે.

સુરત શહેરના મુખ્ય પરંપરાગત ઉદ્યોગો ટેક્સટાઇલ અને ડાયમંડ શહેરની અર્થવ્યવસ્થાનો આધારસ્તંભ છે, જેમાં આશરે 25 થી 30 લાખ લોકોને રોજગાર મળે છે. આ કન્વેન્શનલ ઉદ્યોગોમાં પણ ટેકનોલોજી અપગ્રેડેશન અને ઇનોવેશનનો સ્કોપ રહેલ છે. સુરત શહેર પરંપરાગત ઉદ્યોગોની સાથે સાથે નવી ટેકનોલોજી અને ઇનોવેશન આધારિત ઉદ્યોગમાં પણ પોતાનું સ્થાન મજબુત કરે તે જરૂરી છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા સ્ટાર્ટ-અપ ઇકોસિસ્ટમને વધુ વેગ અને પ્રોત્સાહન આપવાનાં ઉદ્દેશથી “Surat Municipal Corporation Startup Procurement & Promotion Policy” બનાવવામાં આવીછે,જેને તા. ૦૯/૦૩/૨૦૨૬ ના રોજ સ્થાયી સમિતિ દ્વારા મંજુર કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા અર્બન ચેલેન્જીસ અને શહેરીકરણને કારણે ઉભા થતા પ્રશ્નોના ઇનોવેટીવ સોલ્યુશન માટે સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપશે અને સાથે મળીને ટેકનોલોજી લેડ ઇનોવેટીવ સોલ્યુશન અમલમાં મુકશે. આમ, SMC દ્વારા વિવિધ અર્બન ચેલેન્જીસ માટે પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ બનાવી ચેલેન્જ તરીકે પ્રસ્તુત કરવામાં આવશે અને સ્ટાર્ટઅપ્સ પાસેથી સોલ્યુશન મંગાવવામાં આવશે.સબ્જેક્ટ મેટર એક્ષ્પર્ટ અને ટેકનિકલ નિષ્ણાતોની ટીમ દ્વારા બનેલ

સ્ક્રીનીગ કમિટી અને ગવર્નીંગ કાઉન્સિલ સ્ટાર્ટઅપ્સ દ્વારા સૂચવેલ સોલ્યુશનનું ઈવેલ્યુએશન કરીને બેસ્ટ સોલ્યુશનને સિલેક્ટ કરવામાં આવશે. આ પ્રકારે સિલેક્ટ થયેલ સ્ટાર્ટઅપને રૂ. ૧૫ લાખ સુધીનું કામ સોપવામાં આવશે. જયારે રૂ. 15 લાખથી વધુ અને રૂ. 1 કરોડ સુધીની ખરીદી “Bid Challenge” પ્રક્રિયા દ્વારા કરવામાં આવશે, જેમાં સોલ્યુશનને RFP (Request for Proposal) માં પરિવર્તિત કરી SMC દ્વારા નક્કી કરેલ લાયકાત અને પાત્રતા મુજબ Startupsપાસેથી બીડ આમંત્રિત કરવામાં આવશે.

આ પોલિસી હેઠળ પરફોર્મિંગ આર્ટ સેન્ટર (અડાજણ), સાઈન્સ સેન્ટર (સિટી લાઈટ રોડ), કવિ નર્મદ લાઈબ્રેરી (ઘોડ દોડ રોડ) અને એ.આઈ.સી. સુરતી આઈ લેબ (ઉધના) ખાતે ઉપલબ્ધ નાના ક્ષમતાવાળા ઓડીટોરીયમની સુવિધા રજીસ્ટર્ડ સ્ટાર્ટઅપ તથા સ્ટાર્ટઅપ સંબંધિત સંસ્થાઓને સ્ટાર્ટઅપ સંબંધિત કાર્યક્રમો, વર્કશોપ, સેમીનાર અને નેટવર્કિંગ મીટીંગ માટે ભાડામાં મુક્તિ આપી ઉપલબ્ધ કરવામાં આવશે.

આ પોલિસી થકી સ્ટાર્ટઅપ્સ દ્વારા કરવામાં આવેલ નવા ઇનોવેશન, ટેકનોલોજી અને સોલ્યુશન્સ થકી પ્રોડક્ટિવિટી, સસ્ટેનેબિલિટી અને સપ્લાય ચેઇન દ્વારા શહેરનાંપરંપરાગત ઉદ્યોગોનાં વિકાસની સાથે સાથે ટેકનોલોજી આધારિત ઉદ્યોગોનો પણ વિકાસ થશે.

વધુમાં, આવનાર સમયમાં સુરત સ્થિત એજ્યુકેશન ઇન્સ્ટીટયુટસ જેવી કે SVNIT, IIIT અને GTU દ્વારા એકસેલન્સ સેન્ટર શરૂ કરવામાં આવનાર છે જેને પણ આ પોલીસી અંતર્ગત શહેરમાં સ્ટાર્ટઅપ ઇકો સીસ્ટમને વધુ સશક્ત બનાવવામાં મદદરૂપ નિવડશે.

IT, સેમી કંડકટર તેમજ અન્ય નવી ઈમર્જીંગ ટેકનોલોજી ઝડપથી વિકાસ થઇ રહેલ છે અને આવનાર સમયમાં આ સેક્ટરમાં વિકાસને ઘણો અવકાશ રહેલ છે, આ પોલિસી હેઠળ આ ક્ષેત્રોમાં કામ કરતી સ્ટાર્ટઅપ્સને લાભ મળશે અને સાથે સાથે સુરત મહાનગરપાલિકાને પણ નવીનતમ ટેકનોલોજીનો ઝડપી લાભ મળી શકશે.

આ પોલીસીની પહેલ સુરત શહેરને રાષ્ટ્રીય સ્તરે અર્બન ઇનોવેશન હબ બનાવવામાં તેમજ અગ્રણી સ્ટાર્ટઅપ હબ તરીકે વિકસિત કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

જન સંપર્ક વિભાગ. સુરત મહાનગર પાલિકા તરફથી સાદર. સમાચાર યાદી નં. ૬૧૭ તા. ૧૦/૦૩/૨૦૨૬